## ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ,
## કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

### રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષક પસંદગી અંગેની જાહેરાત-૨૦૨૪ અન્વયે ઉમેદવારો માટે માર્ગદર્શક સૂચનાઓ

શિક્ષણ વિભાગના તા.૦૧/૦૮/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : ED/MSM/efile/3/2023/3375/G અન્વયે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષકનું પ્રમાણ નક્કી કરવામાં આવેલ છે તથા જૂના શિક્ષકની ભરતી/બદલી માટે સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સરકારશ્રીના વખતોવખતના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જિલ્લા કક્ષાએથી પ્રાપ્ત થયેલ જૂના શિક્ષકની ખાલી જગ્યાઓ પર નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી માટે તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ જાહેરાત આપવામાં આવેલ છે. ઉમેદવારોએ જૂના શિક્ષક તરીકે ઉમેદવારી નોંધાવવા નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓનો અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

❖ **અરજી પ્રક્રિયા :-**

ઠરાવમાં નિયત થયા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારો **તા.૧૨/૦૯/૨૦૨૪ થી તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક** સુધી https://gserc.in/ વેબસાઈટ પર મૂકવામાં આવેલ સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારે અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ મેળવી અરજીપત્રકની સ્વ-પ્રમાણિત કરેલ પ્રિન્ટ સાથે જરૂરી તમામ દસ્તાવેજો સામેલ રાખી હાલ જે જિલ્લામાં ફરજ બજાવતા હોય તે જિલ્લાના નિયત સ્વીકારકેન્દ્ર ખાતે **તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૦૧/૧૦/૨૦૨૪ સુધીમાં(રવિવાર અને જાહેર રજા સિવાય કચેરી સમય દરમ્યાન) વેરિફીકેશન અર્થે જમા કરાવી પહોંચ મેળવવાની રહેશે. સમયમર્યાદામાં અરજીપત્રક અને દસ્તાવેજો જમા ન કરાવનાર ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર ઠરશે.**

❖ **અરજી કરવા માટેની લાયકાતના ધોરણો-માપદંડો**

- માત્ર શિક્ષણ વિભાગ હસ્તકની બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઓછામાં ઓછા પાંચ વર્ષનો સળંગ શૈક્ષણિક અનુભવ ધરાવતા અને હાલ સેવામાં હોય તેવા **નિયમિત**(પુરા પગારમાં સમાવેશ થયેલ) શિક્ષક ઠરાવની જોગવાઈઓને આધિન અરજી કરી શકશે.
- જાહેરાતની તારીખે વયનિવૃત્તિ માટે ૨(બે) વર્ષ કે તેથી વધુ કરતાં વધુ સમય બાકી હોય તેવા જ શિક્ષક જૂના શિક્ષક તરીકે ભરતી/બદલી માટે અરજી કરી શકશે.
- ઉમેદવાર અરજી કરવાના સમયે કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતા હોવો જોઈશે.
- શિક્ષક તરીકેના સમગ્ર સેવાકાળ દરમિયાન જૂના શિક્ષક તરીકે ભરતી/બદલી નો એક પણ વખત લાભ લીધેલ ન હોય તેવા શિક્ષક જ અરજી કરી શકશે.
- ઉપરોક્ત લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક જે માધ્યમ- વિભાગ-વિષય અને કેટેગરીમાં થયેલ હશે તે જ માધ્યમ-વિભાગ-વિષય અને કેટેગરી માટે ઉમેદવાર જૂના શિક્ષક તરીકે અરજી કરી શકશે.
- વર્તમાન સમયે આચાર્ય તરીકે કાર્યરત ઉમેદવાર જૂના શિક્ષક તરીકે અરજી કરી શકશે નહી.
- અરજી કરનાર ઉમેદવારની શાળા ભૂતકાળમાં કે હાલમાં લઘુમતી સ્ટેટસ ધરાવતી હોય તો તે શાળાના શિક્ષકો જૂનાશિક્ષક તરીકે અરજી કરી શકશે નહિ.
- ઉમેદવારે ખાતાકીય તપાસ /કોર્ટકેસ/સરકારી નાણાંકીય લેણી રકમ બાકી ન હોવા અંગેનું પ્રમાણપત્ર **પરિશિષ્ટ – ૪** આપવાનું રહેશે.

- નોનગ્રાન્ટેડ શાળામાંથી ગ્રાન્ટેડમાં તબદીલ થયેલ શાળાઓમાં ફરજ બજાવેલ/બજાવતા સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા શિક્ષકોએ શિક્ષણ વિભાગના હૂકમથી જે તારીખથી વિનિયમિત થયેલ હોય તે તારીખથી અનુભવ દર્શાવવાનો રહેશે.

## ❖ અનુભવની ગણતરી બાબત

- નોંધાયેલી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે બજાવેલ ફરજનો સમયગાળો અનુભવ તરીકે ગ્રાહ્ય રહેશે.
- ઉમેદવાર હાલ જે શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે તે શાળા પાસેથી **પરિશિષ્ટ–૧** મુજબનું નોકરીની ખરાઈનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.
- ઉમેદવાર હાલ જે શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે તે શાળા પાસેથી "જૂના શિક્ષક ભરતી/બદલી –૨૦૨૪" ની જાહેરાત અન્વયે સદર મદદનીશ શિક્ષક ઉમેદવારી નોંધાવે તો સંસ્થાને કોઈ હરકત સરખુ નથી. તે મુજબનું **પરિશિષ્ટ – ૨** ના વાંધા પ્રમણપત્ર રજૂ કરવાનું રહેશે.
- ઉમેદવારે અત્યાર સુધીમાં જે રજીસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા/શાળાઓમાં ફરજ બજાવેલ હોય તે ફરજના સમયગાળા માટે **પરિશિષ્ટ–૩** મુજબ અનુભવનું પ્રમાણપત્ર શાળા પાસેથી મેળવી રજૂ કરવાનું રહેશે. (સેવાપોથીને આધારે)
- શિક્ષણ વિભાગ હસ્તકની રજીસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળા સિવાયની કોઈપણ અન્ય શાળાઓમાં બજાવેલ ફરજનો સમયગાળો અનુભવ તરીકે ગ્રાહ્ય રહેશે નહિ.
- નિમણૂક બાદ શાળામાં હાજર થયાના પ્રથમ દિવસથી શરૂ કરી જાહેરાતની તારીખ સુધીનો કુલ અનુભવ શ્રેયાનતા યાદી માટે ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે મેળવેલ કુલ અનુભવ પૈકી શિક્ષણ વિભાગ હસ્તકની બિનસરકારી અનુદાનિત માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઓછામાં ઓછા પાંચ વર્ષનો સળંગ શૈક્ષણિક અનુભવ મેળવેલ હોવો જોઈશે.
- ફાજલ અથવા અન્ય વહીવટી કારણોસર ઉમેદવારે એક કરતાં વધુ શાળાઓમાં ફરજ બજાવેલ હોય તેવા કિસ્સામાં ઉમેદવારે તે તમામ શાળાઓમાં બજાવેલ ફરજના સમયગાળાની વિગતો અરજી કરતી વખતે દર્શાવવાની રહેશે. આ પ્રકારના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારી દ્વારા થયેલ શાળા ફેરબદલના તમામ આદેશ અરજીપત્રક સાથે અરજી સ્વીકાર કેન્દ્ર પર ચકાસણી અર્થે ફરજિયાત રજૂ કરવાના રહેશે.
- બિનપગારી રજા/સેવા તૂટ/LWP વગેરે જેવા કારણોથી ઉમેદવારની શાળામાં ગેરહાજરીનો સમયગાળો અનુભવ તરીકે ગણવાપાત્ર રહેશે નહિ અને ઉમેદવારે તે અંગેના જરૂરી આધારો અરજીપત્રક સાથે સામેલ રાખી ફરજિયાત જમા કરાવવાના રહેશે.
- નોનગ્રાન્ટેડ શાળામાંથી ગ્રાન્ટેડમાં તબદીલ થયેલ શાળાઓમાં ફરજ બજાવેલ/બજાવતા શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ શિક્ષણ વિભાગના હૂકમ મુજબ ઉમેદવારની સેવાઓ વિનિયમિત થયા તારીખથી જ ગણવાપાત્ર રહેશે અને તે અગાઉની સેવાઓ બિનસરકારી અનુદાનિત શાળાના અનુભવ તરીકે ગણતરીમાં લેવાની રહેશે નહિ.
- નિમણૂક થયા બાદથી આજદિન સુધીની સળંગ સેવાનો અનુભવ તરીકે ગ્રાહ્ય રહેશે.
- એક કરતાં વધારે શાળાઓમાં ફરજ બજાવેલ હોય અને શાળા બદલતી વખતે રાજીનામું આપેલ હોય તો અગાઉની શાળાનો અનુભવ ગ્રાહ્ય રહેશે નહિ.

- ઉમેદવારે કોઈપણ તારીખે જૂના શિક્ષક માટે અરજી કરેલ હોય પરંતુ અનુભવની ગણતરી માટે જાહેરાતની તારીખ સુધી (તા.૦૧/૦૯/૨૦૨૪) આધાર તરીકે રહેશે. જે ધ્યાને લઈ ઉમેદવારોની શ્રેયાનતા યાદી તૈયાર કરવામાં આવશે.

## ❖ ઉમેદવારી માટેનું N.O.C.(No Objection Certificate)–

- ઉમેદવારે જુના શિક્ષક તરીકે અરજી કરતા પૂર્વે જે શાળામાં હાલ નોકરી કરે છે તે શાળા મંડળ/આચાર્યનું N.O.C.(No Objection Certificate) **પરિશિષ્ટ–૨** મુજબ ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે.
- ઉમેદવારે શાળામંડળ/આચાર્યનું N.O.C.(No Objection Certificate) **પરિશિષ્ટ–૨** અરજી કરવાના સમયગાળા(તારીખો) દરમિયાન મેળવેલ હોવુ જોઈશે. સમયમર્યાદા બાદ મેળવેલ એન.ઓ.સી. માન્ય રહેશે નહિ.
- શાળા મંડળ/આચાર્ય તરફથી સમયમર્યાદામાં ગેરવ્યાજબી કારણોસર N.O.C. ન મળવાના કિસ્સામાં ઠરાવ્યા અનુસાર ઉમેદવારે સબંધિત જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી મેળવેલ N.O.C. ગ્રાહ્ય રહેશે.

## ❖ કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર

- કોમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારો ધોરણ–૧૦/ધોરણ–૧૨/શૈક્ષણિક અને વ્યવસાયિક સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ એક વિષય તરીકે કમ્પ્યૂટરની પરીક્ષા પાસ કરેલ હોય અથવા CCC ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે કોમ્પ્યૂટરની બેઝીક લાયકાત તરીકે માન્ય ગણાશે. આ અન્વયે સંબંધિત ગુણપત્રકની નકલ સ્વીકાર કેન્દ્ર પર ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજૂ કરવાનું રહેશે.

## ❖ બાંહેધરી પત્ર

- ઉમેદવારે જૂના શિક્ષક તરીકે અરજી કરતા સમયે અરજીપત્રક સાથે **પરિશિષ્ટ –૫** માં સૂચવેલ નમુના મુજબની બાંહેધરી **રૂા.૩૦૦ ના સ્ટેમ્પ પેપર** પર આપવાની રહેશે.
- **આ બાંહેધરી મુજબ ઉમેદવારે આપેલ શાળાઓના પસંદગી અગ્રતાક્રમ પૈકીની શ્રેયાનતા અનુસાર મળવાપાત્ર શાળા ભરતી પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારને ફાળવવામાં આવશે અને જો ઉમેદવાર ફળવાયેલ શાળા ખાતે હાજર નહિ થાય તો તેવા કિસ્સામાં અન્ય ઉમેદવારોને શાળા ફાળવણીની તકથી વંચિત રાખવાના કારણોસર રૂા.૫૦૦૦/– (અંકે પાંચ હજાર પુરા) ૪૦ માસ માટે એમ કુલ રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે બે લાખ પૂરા) ઉમેદવારના પગારમાંથી વસૂલ કરવામાં આવશે. (ઉમેદવારે માત્ર તેટલી જ શાળાઓની પસંદગી આપવી કે જે શાળામાં તે જવા ઈચ્છતો હોય.)**

## ❖ ભરવાપાત્ર જગ્યાઓ

- જે તે જિલ્લામાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગવાર, વિષયવાર, માધ્યમવાર અને કેટેગરીવાર ઉપલબ્ધ અંદાજિત ખાલી જગ્યાઓની યાદી વેબસાઈટ પર દર્શાવવામાં આવશે.
- વેબસાઈટ પર મૂકવામાં આવનાર અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન રહેશે. કોઈપણ સમયે વહીવટી કારણોસર પસંદગી સમિતિ આ જગ્યાઓની સંખ્યામાં ઘટાડો કે વધારો કરી શકશે. અને

પસંદગી સમયે ખરેખર ઉપલબ્ધ ખાલી જગ્યા પર જ ઉમેદવારોને અનુભવના શ્રેયાનતા ક્રમ અનુસાર શાળા પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી.

- વેબસાઈટ પર દર્શાવેલ જગ્યાઓમાં વધારો કરવા, ઘટાડો કરવા, ફેરફાર કરવા કે રદ કરવા અંગે સમિતિનો અબાધિત હક રહેશે.

## ❖ પસંદગી યાદી(શ્રેયાનતા) તૈયાર કરવા બાબત.

- ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવને આધારે શ્રેયાનતા યાદી તૈયાર કરવામાં આવશે.
- ઉમેદવારે સેવાકાળ દરમ્યાન ભોગવેલ બિનપગારી રજા/સેવા તૂટ/LWP નો સમયગાળો કુલ અનુભવના દિવસોમાંથી બાદ કરી શ્રેયાનતા યાદી તૈયાર કરવામાં આવશે.
- શ્રેયાનતા યાદી માધ્યમવાર/વિભાગવાર/વિષયવાર અને કેટેગરીવાર તૈયાર કરવામાં આવશે.
- સમાન અનુભવના કિસ્સામાં જે ઉમેદવાર ઉંમરમાં વયસ્ક હશે તેને અગ્રિમ રહેશે.
- સમાન અનુભવ અને સમાન જન્મતારીખના કિસ્સામાં ક્રમશઃ ઉમેદવારના નામ, અટક અને માતાના નામના પ્રથમ અક્ષરને (આલ્ફાબેટિક ક્રમ) આધારે અગ્રિમતા નક્કી કરવામાં આવશે.
- (આવા કિસ્સામાં ધો.૧૦ નું ક્રેડિટ સર્ટિફિકેટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે પાસપોર્ટ જેવા અન્ય અધિકૃત જન્મતારીખ દર્શાવતા આધાર પૈકી કોઇ પણ એક રજૂ કરવાના રહેશે કે જેના દ્વારા માતાના નામ અને જન્મતારીખની ખરાઈ થઇ શકે.)

## ❖ નિમણૂક બાબત

- ઉમેદવારોએ ભરતી સમિતિ દ્વારા માધ્યમવાર/વિભાગવાર / વિષયવાર અને કેટેગરીવાર જાહેર કરવામાં આવેલ ઉપલબ્ધ જગ્યાઓ સામે પોતાની લાયકાત અને પાત્રતા અનુસાર (તે જ માધ્યમવાર/ વિભાગવાર/વિષયવાર અને કેટેગરીવાર) શાળા પસંદગીના અગ્રતાક્રમ(વિકલ્પ) આપવાના રહેશે.
- પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારે આપેલ શાળા પસંદગી ક્રમને ધ્યાને લઇ શ્રેયાનતા યાદી મુજબ માધ્યમવાર/વિભાગવાર/વિષયવાર અને કેટેગરીવાર ઉમેદવારને મળવાપાત્ર શાળા ફાળવણી કરવામાં આવશે.
- ઉમેદવારોને ફળવાયેલ શાળાની જાણ પોર્ટલ મારફત કરવામાં આવશે જે માટે ઉમેદવારે નિયત પોર્ટલ પરથી આપેલ સમયમર્યાદામાં શાળા ફાળવણી પત્ર મેળવી લેવાનો રહેશે.
- શાળા ફાળવણી બાદ ઉમેદવારને ફળવાયેલ શાળા જે જિલ્લાની હોય તે જિલ્લા ખાતે સૂચનાનુસાર ભલામણ પત્ર અને નિમણૂક હુકમ માટે ઉમેદવારે નિયત તારીખ અને સમયે હાજર રહેવાનું રહેશે.
- જૂના શિક્ષક તરીકે ફળવાયેલ શાળામાં હાજર થયા બાદ ઉમેદવાર કોઈ પણ સંજોગોમાં મૂળ શાળામાં પરત જઈ શકશે નહી.
- જૂના શિક્ષક તરીકે અન્ય શાળામાં નિમણૂક મળતા તે શિક્ષકની સેવા સળંગ ગણવાપાત્ર રહેશે.
- જૂના શિક્ષક તરીકે નિમણૂક મળતા નવી શાળામાં હાજર થયેથી પુન:અજમાયશી સમય ગણવાનો રહેશે નહિ.

## ❖ અરજીપત્રક ઓનલાઈન ભરવા માટે અગત્યની સૂચનાઓ:–

- અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.
- ઉમેદવારોની અરજી કરવાની પ્રક્રિયા નીચે મુજબ છે,

**1)** અરજી કરવા ઈચ્છુક ઉમેદવારે https://gserc.in/ વેબસાઈટ પર જઈ "Apply for OLD TEACHER" પર ક્લિક કરતાં **Log-in** પેજ ઓપન થશે. ઉમેદવારે રજિસ્ટ્રેશન કરવા માટે સ્ક્રીન પર દેખાતા New Candidate ? **Register** લિંક પર ક્લિક કરી સૌપ્રથમ રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

**2)** રજીસ્ટ્રેશન માટે ઉમેદવારે પોતાના EMAIL ID, MOBILE NUMBER, PAN NO.,DATE OF BIRTH, PASSWORD, CONFIRM PASSWORD, CAPTCHA વગેરે માગેલ વિગતો એન્ટર કરી SUBMIT પર ક્લિક કરવાની રહેશે. ક્લિક કરતા ઉમેદવારે જે મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન માટે નાખેલ હશે તે મોબાઈલ નંબર પર **OTP** આવશે મોબાઈલ નંબર પર આવેલ **OTP** નાખતા રજિસ્ટ્રેશન પૂર્ણ થશે.

**3)** રજિસ્ટ્રેશન વખતે આપેલ મોબાઈલ નંબર અને ઈ–મેઈલ આઈ.ડી. ઉમેદવારે સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવી રાખવાના રહેશે.

**4)** રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ ઉમેદવારે અરજી કરવા માટે **Log-in** કરવું. જે માટે ઉમેદવારે રજિસ્ટ્રેશન વખતે આપેલ MOBILE NUMBER, DATE OF BIRTH, PASSWORD અને CAPTCHA એન્ટર કરી CANDIDATE LOGIN પર ક્લિક કરવું.

**5)** ઉમેદવારે રજિસ્ટ્રેશન સમયે જે PASSWORD રાખેલ હશે તે સમગ્ર પ્રક્રિયા દરમિયાન એક જ રહેશે.

**6)** **Log-in** થયા બાદ ઉમેદવારે અરજીપત્રકમાં માગેલ તમામ વિગતો કાળજીપૂર્વક ભરવાની રહેશે. ખોટી અને અધૂરી વિગતો સાથેની અરજી રદ થવાને પાત્ર છે.

**7)** અરજીપત્રકની વિગતો ભરતી વખતે વેરિફીકેશન અર્થે જિલ્લો પસંદ કરવાનો હોય ત્યારે ઉમેદવાર હાલ **જે જિલ્લામાં ફરજ બજાવતા હોય તે જ જિલ્લો ફરજિયાત પસંદ કરવાનો રહેશે.**

**8)** અરજીપત્રકની તમામ વિગતો ભર્યા બાદ તેમાં કોઈ સુધારા કરવાનો થતો ન હોય તો ઓનલાઈન ફી ભરવાની પ્રક્રિયા કરી અરજી ફાઈનલ સબમિટ કરવી.

**9)** અરજીપત્રક ફાઈનલ સબમિટ ન થાય ત્યાં સુધી ઉમેદવાર તેની વિગતોમાં સુધારો કરી શકશે.

**10)** અરજી ફાઈનલ સબમિટ કર્યાબાદ અરજીપત્રકમાં ભરેલ તમામ વિગતો આખરી રહેશે. ઉમેદવારે અરજીપત્રકની પ્રિન્ટ લઈ ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખવાની રહેશે.

**11)** ઉમેદવારે અરજીપત્રક સાથે પ્રમાણપત્રો અને તમામ જરૂરી દસ્તાવેજોની નકલ સામેલ રાખી વેરિફીકેશન અર્થે નિયત અરજી સ્વીકારકેન્દ્ર ખાતે જમા કરાવી પહોંચ મેળવવી. સ્વીકારકેન્દ્ર ખાતે જમા ન થયેલ અરજી અને વેરિફીકેશન ન થયેલ હોય તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે.

**12) એકવખત ઉમેદવારે પોતાની અરજી ફાઈનલ સબમિટ કર્યા બાદ પણ જો અરજીની વિગતોમાં કોઈ સુધારો કરવા ઈચ્છે તો અરજી કરવાના સમયગાળા દરમિયાન ઉમેદવારે પોતાના Log-in માંથી Withdraw Application ક્લિક કરી પ્રથમ કરેલ અરજી રદ કરવાની રહેશે. ત્યાર બાદ New Application કરવાની રહેશે અને પુન: રૂા.૩૦૦/– ફી ભરવાની રહેશે. પ્રથમ અરજી કેન્સલ થતાં ઉમેદવારની તે અરજી રદ ગણાશે.**

**13) ફાઈનલ સબમિટ ન થયેલ, વેરિફિકેશન ન થયેલ તથા સ્વીકારકેન્દ્ર ખાતે જમા ન થયેલ તમામ અરજીઓ રદ ગણાશે અને તેવા ઉમેદવારોનો આગળની ભરતી પ્રક્રિયામાં સમાવેશ થશે નહિ.**

## ❖ અરજીપત્રક માટે અન્ય જરૂરી સૂચનાઓ

- ઉમેદવારો **તા.૧૨/૦૯/૨૦૨૪ થી તા.૨૬/૦૯/૨૦૨૪** રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી ઓનલાઇન અરજી કરી શકશે. ઉમેદવારો ઓનલાઇન અરજી કર્યા બાદ ફી પેમેન્ટ કરી ફાઇનલ સબમિટ નહી આપે ત્યાં સુધી પોતાની અરજીની વિગતો **edit** કરી શકશે. પરંતુ ઓનલાઇન અરજી ફી પેમેન્ટ કરી ફાઇનલ સબમિટ આપ્યા બાદ ઉમેદવાર અરજીની વિગતોમાં કોઈપણ પ્રકારનો સુધારો કરી શકશે નહિ. પરંતુ જો અરજીમાં સુધારો કરવો જરૂર જણાય તો ઉપર જણાવેલ ક્રમ-(૧૨) મુજબની પ્રક્રિયા અનુસરવાની રહેશે. આ અંગે પછીથી કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ઉમેદવારે માત્ર અને માત્ર ઓનલાઈન માધ્યમથી જ અરજી કરવાની રહેશે. ઓફલાઈન અરજીઓ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં અને તે રદ થવાને પાત્ર રહેશે.
- ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે નિયમિત વેબસાઈટ જોતા રહેવું.
- આ જાહેરાતનો હેતુ માત્ર પસંદગી યાદી તૈયાર કરવાનો છે. જેથી માત્ર અરજી કરવા માત્રથી ઉમેદવારની નિમણૂક માટેનો હક પ્રસ્થાપિત થતો નથી.
- ઓનલાઇન અરજી સંદર્ભે કોઇ મૂંઝવણ હોય તો ઉમેદવાર પોતાના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે. તથા વેબસાઈટ પર આપેલ હેલ્પલાઈન નંબર પરથી પણ માર્ગદર્શન મેળવી શકાશે.

## ❖ ઓનલાઈન ફી :-

- ઉમેદવારે અરજી માટેની ફી પેટે રૂ.૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો) પુરા ભરવાના રહેશે. એક વખત ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.
- અરજી કરનાર ઉમેદવારે ભરવાપાત્ર નિયત અરજી ફી ઓનલાઈન ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/નેટ બેન્કીંગના માધ્યમથી ભરી શકશે.
- ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીંગ સંબધિત લાગતો વધારાનો ચાર્જ જે તે બેન્ક દ્વારા વસુલ કરવામાં આવે તે ઉમેદવારે ભોગવવાનો રહેશે.
- અરજીમાં સુધારા વધારા કરવા હેતુથી જો ઉમેદવાર અરજીફોર્મ રદ કરે તો ફરીથી ફોર્મ ભરવા માટે ફી પણ બીજીવાર ભરવાની રહેશે.

## ❖ સ્વીકારકેન્દ્ર પર અરજી જમા કરાવવા / ચકાસણી અંગેની સૂચનાઓ

- ઉમેદવારે ફી ભર્યા બાદ ઓનલાઇન અરજી **Submit** કરી, તેની પ્રિન્ટ મેળવી સ્વ-હસ્તાક્ષર કરી, ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત તથા અનુભવના તમામ ગુણપત્રકો/પ્રમાણપત્રો તથા અન્ય આનુષાંગિક આધારો અસલમાં તેમજ તેની ૨ (બે) સ્વ-પ્રમાણિત નકલ સહિત ઉમેદવાર જે જિલ્લામાં ફરજ બજાવતા હોય તે જિલ્લાના અરજી સ્વીકાર કેન્દ્ર ખાતે **તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૦૧/૧૦/૨૦૨૪ સુધીમાં(જાહેર રજા અને રવિવારની રજા સિવાય કચેરી સમય દરમિયાન)** ચકાસણી અર્થે રજૂ કરી જમા કરાવવાના રહેશે અને તે સબબની પહોંચ મેળવી લેવાની રહેશે.
- ઉમેદવારે અરજી સ્વીકાર કેન્દ્ર પર ઓનલાઇન અરજી જમા કરાવતા સમયે નીચે મુજબના આધારો **અસલમાં** તથા **૨ (બે)** સ્વપ્રમાણિત નકલમાં રજૂ કરવાના રહેશે.

| ક્રમ | અરજી સ્વિકારકેન્દ્ર પર રજૂ કરવાના આધાર |
|---|---|
| ૧ | શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર |
| ૨ | નિમણૂંક આદેશ |
| ૩ | પૂરા પગારનો આદેશ |
| ૪ | જો નામ/અટકમાં ફેરફાર હોય તો તે અંગેનો માન્ય આધાર |
| ૫ | પરિશિષ્ટ-૧ નોકરી અંગેની ખરાઇનું પ્રમાણપત્ર |
| ૬ | પરિશિષ્ટ-૨ ના વાંધા પ્રમાણપત્ર |
| ૭ | પરિશિષ્ટ-૩ અનુભવનુ પ્રમાણપત્ર |
| ૮ | પરિશિષ્ટ-૪ ખાતાકીય તપાસ /કોર્ટકેસ/સરકારી નાણાંકીય લેણી રકમ બાકી ન હોવા અંગેનું પ્રમાણપત્ર |
| ૯ | પરિશિષ્ટ-૫ રૂ.300 ના સ્ટેમ્પ પેપર પર બાહેંધરી પત્રક |
| ૧૦ | ઉમેદવારની માતૃશાળામાં નિમણૂકનો વિભાગ, માધ્યમ, કેટેગરી અને વિષય સ્પષ્ટ થાય તેવા આધાર. |
| ૧૧ | સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા શિક્ષકોના વિનિયમિત થયેલ હોય તેના યોગ્ય આધારો |
| ૧૨ | સેવાકાળ દરમિયાન ભોગવેલ દરેક LWP ના આધારો |
| ૧૩ | શાળા બદલાયેલ હોય તો તેના આદેશ (ફાજલ કે અન્ય વહીવટી કારણોસર) |
| ૧૪ | જન્મતારીખ અને માતાના નામ માટે સ્કૂલ લિવીંગ સર્ટી. તથા ધો.૧૦ નું ક્રેડિટ સર્ટી. |
| ૧૫ | કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર |

- જો ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો, લાયકાત તથા અનુભવના પ્રમાણપત્રો તથા અન્ય તમામ આધારો ચકાસણી પ્રક્રિયા દરમ્યાન યોગ્ય જણાશે તો સ્વીકાર કેન્દ્ર પરથી ઉમેદવારની અરજીને VERIFIED કરવામાં આવશે. ઉમેદવારે વેરિફીકેશન સમયે અરજીપત્રક સાથે અપૂરતા આધારો રજૂ કરેલ હશે તો સ્વીકાર કેન્દ્ર પરથી અધિકારી/કર્મચારી દ્વારા જરૂરી/યોગ્ય આધારો સમયમર્યાદામાં રજૂ કરવા સૂચવવામાં આવશે. તદઅનુસાર ઉમેદવારે જરૂરી આધારોની પૂર્તતા સાથેની અરજી સ્વીકાર કેન્દ્ર ખાતે અરજી જમા કરવા માટે નિયત થયેલ **અંતિમ તારીખ સુધીમાં** જમા કરાવી દેવાની રહેશે. સમય–મર્યાદામાં યોગ્ય આધારો સહ અરજી જમા ન કરાવનાર ઉમેદવારોની અરજી ગ્રાહ્ય રહેશે નહિ અને તેની ઉમેદવારી રદ થવાને પાત્ર રહેશે.
- સ્વીકાર કેન્દ્ર પર અરજી VERIFIED થયા બાદ જ ઉમેદવારની અરજી સ્વીકૃત બનશે. જેની ખાસ નોંધ લેશો.
- સ્વીકાર કેન્દ્ર પર ઉમેદવારની અરજી ચકાસણી બાદ, જૂના શિક્ષક માટેની લાયકાત અને અનુભવના નિયત ધારાધોરણો મુજબ યોગ્યતા ન ધરાવતી ઉમેદવારની અરજીઓ રદ થવાને પાત્ર ગણાશે તેમજ જે ઉમેદવારોના ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં સુધારો થવા પાત્ર હશે તો આવા ઉમેદવારોની યાદી વિગતવાર કારણ સહિત વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે અને તે અન્વયે ઉમેદવારો પાસેથી વાંધા અરજીઓ મંગાવી, રજૂઆતની યોગ્ય તક આપ્યા બાદ ફાઈનલ મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવશે.

## ❖ અન્ય જરૂરી સૂચનાઓ

1. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો અરજી સબમિટ થયા બાદ અંતિમ ગણવામાં આવશે અને તે સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજી સાથેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. યોગ્ય આધારો રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

2. જો કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજૂ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજૂ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.
3. બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના જૂના શિક્ષક ની ભરતી સંબંધે તમામ સૂચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઈટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઈટ પર મુકેલ કોઈપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઈપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારોની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઈ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

**આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા જૂના શિક્ષક ભરતી પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.**

**Sd/-**
**અધ્યક્ષ**
**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને નિયામક, શાળાઓની કચેરી, ગુ.રા,ગાંધીનગર**

GS & HSS Education Staff Recruitment Selection Committee